## વારંવાર પૂછાતા પ્રશ્નો

પ્રશ્નઃ મારા પર હાથ નથી ઉપાડવામાં આવ્યો. તો તેને ઘરેલું હિંસા કેવીરીતે કહી શકાય?

જવાબઃ ઘરેલું હિંસા હંમેશા શારિરીક નથી હોતી, અને તેનો અર્થ એ છે કે તેના લક્ષણો પણ નરી આંખે દેખાય તેવા નથી હોતા. ત્રાહિત વ્યક્તિનો તેના મિત્રો કે પરિવાર સાથે સંપર્ક કાપી નાખવો (તેમને એકલાં પાડી દેવા), તેમની મિલકતને નુકસાન પહોંચાડવું, જાહેરમાં કે એકલામાં મૌખિક ધમકીઓ આપવી વગેરે પણ સમાવેશ ઘરેલુ હિંસામાં થઈ શકે છે.

પ્રશ્નઃ શું લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ, અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓમાં પણ ઘરેલું હિંસા થાય છે?

જવાબઃ અમારા રાષ્ટ્રીય લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ, ટ્રાન્સજેન્ડર ઘરેલુ હિંસા હેલ્પલાઈનને જાન્યુઆરી થી એપ્રિલ 2008 વચ્ચે 800 લોકોના ફોન મળ્યા. એલજીબીટી ઘરેલું હિંસા વિશે, સાઈનપોસ્ટિંગ, સક્રિય ધ્યાન, સુરક્ષા આયોજન અને સંદર્ભ કે જાણકારી આપવા માટે અમે તેમની સાથે 35 કલાક ચર્ચા કરી.

સર્વેક્ષણ દર્શાવે છે કે દર 4 એલજીબીટી વ્યક્તિએ 1 વ્યક્તિ ઘરેલુ હિંસાનો ભોગ બને છે. એલજીબીટી ઘરેલુ હિંસા ચોક્કસ અસ્તિત્વ ધરાવે છે. તે વાસ્તવિક છે.

પ્રશ્નઃ જ્યારે બે સ્ત્રીઓ ઝઘડે છે ત્યારે તો તે બે પ્રેમી વચ્ચેનો મીઠો ઝઘડો નથી?

જવાબઃ સંબંધોમાં હિંસાની કોઈ સ્પષ્ટતા/હળવાશ ન હોઈ શકે અને તેને આ રીતે લેવાથી તેની અસર ઓછી થઈ જાય છે અને આ પણ એક કારણ છે કે એલજીબીટી ઘરેલું હિંસાનો મુદ્દો હંમેશા દબાયેલો રહે છે.

પ્રશ્નઃ અને જ્યારે બે પુરુષો લડે છે ત્યારે તે એસએન્ડએમ જેવી કોઈ જાતીય રમત જ નથી?

જવાબઃ એસ એન્ડ એમ એ સંમતિથી થતી પ્રક્રિયા છે. ઘરેલું હિંસા સતામણી છે અને તે એકપક્ષીય છે અને તેમાં કોઈ સંમતિ નથી હોતી. જાતીય રમત અને ઘરેલુ હિંસા એક નથી.

પ્રશ્નઃ શું લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ, અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ પર થતી ઘરેલુ હિંસા હિટરોસેક્સ્યુઅલ લોકો પર થતીઘરેલું હિંસા જેવી નથી?

જવાબઃ કેટલેક અંશે, તે એવી જ છે પરંતુ તેમાં કેટલોક દેખીતો ફરક છે. એક પ્રમુખ મુદ્દો છે એલજીબીટી ઘરેલુ હિંસાનો ભોગ બનતા લોકોને મળતી સહાયનો આભાવ. બીજું ઘરેલુ હિંસાની ફરિયાદ કરવા બહાર નીકળવું. તે ઉપરાંત, અમારી સહાય માટે જરૂરી સેવાઓ ઘણીવાર ઘરેલુ હિંસાને સામાન્ય હુમલા તરીકે ગણીને સમસ્યા ખડી કરી દે છે અથવા મુખ્ય દોષીમાં ભૂલ કરવામાં/ તેને ન ઓળખવાને કારણે સમસ્યા ઉભી કરે છેઃ આ બધાનો અર્થ એ છે કે જ્યારે આ લોકોને મદદ જોઈતી હોય છે તમારે તેમને અતિરિક્ત સમસ્યા થાય છે.

પ્રશ્નઃ જો નાની વ્યક્તિ મોટી વ્યક્તિને મારે તો તેને ઘરેલું હિંસા કેવી રીતે કહેવાય?

જવાબઃ કદ અને મોભો કોઈની ખરાબ વર્તણૂંકમાં છતો નથી થતો. ફક્ત એટલાં માટે કે કોઈ નાનું છે તેનો અર્થ એ નથી કે તે તમને ન મારી શકે, કે તમારી મિલકતને નુકસાન ન પહોંચાડી શકે કે તમારા મિત્રો અને પરિવાર સામે તમને ધમકી ન આપી શકે કે તમારા નાણાં પર હક ન જમાવી શકે કે તમને લોકોની સામે નીચા ન પાડી શકેઃ

પ્રશ્નઃ મુખ્ય ધારાની હેલ્પલાઈનને બદલે તમને મદદ માટે કહેવાથી મને શું ફાયદો થશે?

જવાબઃ એલજીબીટી લોકોને મૂળથી જ અન્ય એલજીબીટી લોકોને અનુભવાતી સમસ્યા અને મુશ્કેલીઓની જાણ હોય છે. અમારા એલજીબીટી સેસનલ કાર્યકરો તમને તમારી જાતીયતાના આધારે નથી મૂલવતા; તેઓ તો ઘરેલું હિંસાનો ભોગ બનનાર લોકો અને તેમને પરેશાન કરનાર લોકોનો ઉકેલ લાવે છે.